## મુદા નં. ૧૮
## ગણોતધારાની કલમ–૬૩ ળબબ તથા સૌરાષ્ટ્ર ઘરખેડ ઓર્ડિનનસ– કલમ–૫૫ તથા મુ.ગ.વ. અને ખેતીની જમીન (કચ્છ વિદર્ભ વિસ્તાર) ની કલમ–૮૯બ અન્વયે મંજુરી

૧. જોગવાઈ : પ્રમાણિત ઔધોગિક હેતુ માટે જમીન ખરીદનાર ઉદ્યોગ સાહસિક જો ખેડૂત ન હોયઅને ખેતીની જમીન ખરીદવા માંગતા હોય તો ગ.ધા.કલમ–૬૩ બબ સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન અધિનિમ– ૧૯૪૯ કલમ–૫૫ તથા મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ (કચ્છ અને વિદર્ભ વિસ્તાર) ની ૧૯૫૮ ની કલમ– ૮૯ બ મુજબ મંજુરી આપવાની જોગવાઈ છે.

૨.અરજી કોને કરવી : જિલ્લા કલેકટરશ્રી, પરિશિષ્ટ–૧/૧૮ મુજબ મંજુરી માટે જમીન ખરીદનારે અરજી કરવાની રહે છે.

૩. નિકાલ માટેના : કલેકટરશ્રી
સત્તાધિકારી

| | | |
|---|---|---|
| ૪. નિકાલની સમય : મર્યાદા | અરજી મળ્યા બાદ કલેકટરશ્રીને સબંધિત કચેરીઓને મોકલવાની સમયમર્યાદા | ૭ દિવસ |
| | મામલતદારશ્રી | ૨૦ દિવસ |
| | પ્રાંત અધિકારીશ્રી | ૧૦ દિવસ |
| | કલેકટરશ્રીને | ૩૦ દિવસ |
| | પ્રિમિયમ ભરવાની મુદત | ૨૧ દિવસ |
| | કલેકટરશ્રીએ હુકમ કરવાની મુદત | ૩ દિવસ |
| | કુલ…. | ૯૧ દિવસ |

**○ અરજદારશ્રીએ અરજીમાં સંપૂર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માંગ્યા મુજબના તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ બીડવાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધૂરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો સ્વીકારવામાં આવશે નહી.**

**અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે.**

૧. સ્થળ સ્થિતિનું પંચનામું (પરિશિષ્ટ–૨/૧૮ મુજબ)
૨. અરજદારનો રૂબરૂ જવાબ(પરિશિષ્ટ–૩/૧૮ મુજબ)
૩. ખરીદનાર સંસ્થાનો રૂબરૂ જવાબ ( પરિશિષ્ટ – ૪ /૧૮ મુજબ)
૪. અરજદારે ધારણ કરેલ જમીન ૧૯૫૧–૫૨ થી ગામ ન.નં ૭/૧૨ ની નકલો
૫. અરજદારે ધારણ કરેલ જમીનનો સંબંધિત ગામ ન.નં.૬(હક્કપત્રક) નોંધની તમામ નકલો
૬. ગામ ન.નં.૮– અ ના ઉતારાની નકલો.
૭. ઝોનિંગ સર્ટીફીકેટની નકલ
૮. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ હેઠળ થતો હોય તો એફ. ફોર્મની નકલ.

૯. જમીન વેચાણ રાખનાર સંસ્થા / સોસાયટી/ મંડળી/ કંપની હોય તો

અ. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ.

બ. બંધારણની નકલ/ આર્ટીકલ ઓફ એસોસિએશન અને મેમોરેન્ડમ ઓફ એસોસિએશનની નકલ.

ક. છેલ્લા ૩ વર્ષની ઓડિટ રીપોર્ટની નકલ.

ડ. સંસ્થા/મંડળીની આર્થિક સધ્ધરતા બાબતેના આધાર પુરાવા જેવા કે (તાજેતરના બેંક સ્ટેટમેન્ટની નકલ, અન્ય ડિપોઝીટની વિગતો, ઇન્કમટેક્ષ રીટર્ન ભરેલ હોય તો તેની વિગતો તથા અન્ય જો કોઈ પુરાવા હોય તો)

૧૦. ખરીદ કરેલ છે તે જમીનના નકશાના ટ્રેસીગની નકલ.(તલાટી/સર્કલ ઓફિસર દ્વારા પ્રમાણિત)

૧૧. ૧૦ હેકટર જમીન ખરીદવાની હોય તો ઉદ્યોગ કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર.

૧૨. બાંધકામનો સુચિત પ્લાન.

૧૩. વેચાણ રાખેલ જમીનના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ તથા અનુક્રમણિકા નં.૨ ની પ્રમાણિત નકલ.

૧૪. વેચાણ વ્યવહાર અંગે ઈ–ધારા કેન્દ્ર ખાતે થયેલ વેચાણ વ્યવહારની ફેરફાર નોંધની કાચી નકલ.

૧૫. પંચનામાની વિગતે પ્રશ્નવાળી જમીનમાં ઓ.એન.જી.સી., ગુ.વિ.કં નું ની લાઈન આવતી ઓય તો તેનું ના વાંધા પ્રમાણપત્ર.

૧૬. કા.પા.ઈ.પા.યો.વિ.ઉનું રેખાનિયંત્રણ ધારા હેઠળનું ના વાંધા પ્રમાણપત્ર.

## પરિશિષ્ટઃ–૧/૧૮

**ગુજરાત ગણોત વહીવટ અને ખેતીનો જમીન વટહુકમ નં.૨૯/ /ખ ૧૯૯૬ની કલમ–૪૩ (૧–સી) અને કલમ–૬૩એ મુજબ પ્રમાણિક ઔદ્યોગિ ગિક હેતુ માટે કલમ–૬૩ ક બબ હેઠળ પ્રમાણપત્ર મેળવવા માટે નું અરજી પત્રક.**

નામ :............................
સરનામુંઃ..........................
............................
તારીખઃ...........................

પ્રતિ,
કલેકટરશ્રી,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી,
..............., .....................,

**વિષય :** (૧) ગણોતધારાની કલમ – ૬૩ બબ હેઠળ પ્રમાણપત્ર મળવા બાબત.
(૨) ગણોત વહીવટ અને ખેતીની જમીન વટહુકમ–૧૯૯૪, કલમ–૫૫
(૩) મુ.ગ.વ. અને ખેતીની જમીન બાબત (કચ્છ વિદર્ભ ક્ષેત્ર) કલમ–૫૭/૧ ૮બ૯ અને કલમ–૮૯૮બ૯

મોજે :........... તાલુકો :............સર્વે/ બ્લોક નં............

આથી, હું/ અમો ...........................................................................

રહેવાસી(પુરૂ સરનામું)...................................................................

..........................................................................................

ધંધો ......................................................આપશ્રીને જાણ કરૂં છું/ કરીએ છીએ

કે મેં/અમોએ શ્રી ............................ પાસેથી રહેવાસી ....................ની

માલિકીની નીચે દર્શાવેલ વિગતો મુજબની.................. ના રોજ વેચાણ રાખેલ છે.

| જીલ્લો | તાલુકો | ગામ | સર્વે નંબર | પોત હિસ્સા નંબર | ક્ષેત્રફળ હે.આર.પ્ર.આ. | ખરીદેલ જમીનની કિંમત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

જમીનને લગતા હક્કપત્રકની નોંધ તથા ૭/ ૧૨ ના ઉતારા આ સાથેલ આપેલ છે. જે વેચાણ દસ્તાવેજથી આ જમીન મેં/અમોએ ખરીદેલ છે. તેની પ્રમાણિત નકલ આ સાથે બીડેલ છે.

ઉપર દર્શાવેલ વિગતે કલમ–૬૩ **બબ** હેઠળનું સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન અધિનિમ– ૧૯૪૯ કલમ–૫૫ તથા મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ (કચ્છ અને વિદર્ભ વિસ્તાર) ની ૧૯૫૮ ની કલમ– ૮૯ બ પ્રમાણપત્ર મને / અમોને આપવા વિનંતી છે.

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન વટહુકમ નંબર–૨૧ **ખ**/ ૧૯૯૬ની કલમ– ૪૩ (૧–સી) ઉપરોકત જમીન પ્રતિબંધિત સત્તા પ્રકારની છે તથા તેનું સરકારશ્રી જે નજરાણુ ઠરાવશે તે ભરપાઈ કરવા હું/ અમો સમંત છું /છીએ.

તારીખ : આપનો / આપના વિશ્વાસુ,

સ્થળ :

.......................................

(અરજદાર/ અરજદારોની સહી)

નકલ રવાના :

....................................

મામલતદાર શ્રી.

તાલુકો ................ જીલ્લો.

**:–એકરાર–:**

અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં જણાવેલ તમામ વિગતો/હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત / વિગત રજૂ કરેલ હોવાનું ધ્યાને આવે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે. તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ :

તારીખ : ...........................................

(અરજદારની સહી/ નામ)

**ચેકલીસ્ટ (મુદા નં. ૧૮)**

**ગણોતધારાની કલમ ૬૩ એએ અન્વયે મંજુરી**

(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે.)

| અ.નં. | વિગત | હા/ના લાગુ પડતા નથી. | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અરજીપત્રક (પરિશિષ્ટ–૧/૧૮) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે ? | | |
| ૩ | સ્થળસ્થિતિનું પંચનામું (પરિશિષ્ટ–૨/૧૮) | | |
| ૪ | અરજદારનો રૂબરૂ જવાબ (પરિશિષ્ટ–૩/૧૮) | | |
| ૫ | ખરીદનાર સંસ્થાનો રૂબરૂ જવાબ (પરિશિષ્ટ–૪/૧૮) | | |
| ૬ | જમીનની છેલ્લા ૩૦ વર્ષની ગામ ન.નં. ૭/ ૧૨ ની ઉતારાની પ્રમાણિત નકલો. | | |
| ૭ | જમીન સંબંધિત ગામ ન.નં.– ૬ (હક્કપત્રક) ની તમામ ફેરફાર નોંધ. | | |
| ૮ | ગામ ન.નં. ૮– અ ના ઉતારાની પ્રમાણિત નકલ. | | |
| ૯ | ઝોનિંગ સર્ટીફીકેટ ની નકલ. | | |
| ૧૦ | " એફ " ફોર્મની નકલ. | | |
| ૧૧ | જમીન વેચાણ રાખનાર સંસ્થા/સોસાયટી/મંડળી હોય તો, | | |
| | ૧. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ની નકલ | | |
| | ૨. બંધારણની નકલ | | |
| | ૩. છેલ્લા ૩ વર્ષના ઓડિટ રીપોર્ટની નકલ | | |
| | ૪. સંસ્થા/મંડળીની આર્થિક સધ્ધરતા બાબતેના આધાર પુરાવા | | |
| ૧૨ | જમીનના નકશાના ટ્રેસીંગની નકલ | | |
| ૧૩ | ઉદ્યોગ કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર | | |
| ૧૪ | બાંધકામનો સુચિત પ્લાન | | |
| ૧૫ | ૫ વેચાણ રાખેલ જમીનના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ તથા અનુક્રમણિકા નં.૨ ની પ્રમાણિત નકલ. | | |
| ૧૬ | વેચાણ વ્યવહાર અંગે ઈ–ધારા કેન્દ્ર ખાતે થયેલ વેચાણ વ્યવહારની ફેરફાર નોંધની કાચી નકલ. | | |
| ૧૭ | બાર–કોડ સ્ટીકર લગાવેલ છે? | | |

સ્થળ : ..............................................

તારીખ : અરજદારની સહી/ નામ / સિક્કો

**ખાસ નો નોંધ : ચેકલીસ્ટના કોલમ નં.૩ માં " હા/ના અથવા લાગુ પડતુ પડતું નથી " તેમ સ્પષ્ટ દર્શાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાન નંબર ઉપર છે તે પણ દર્શાવવું. આ પૈકીના એક પણ મુદ્દાની પુર્તતા બાકી હશે તો અરજી પત્રક સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

**અરજીપત્રક સ્વીકાર્યુ**

..............................................

**જનસેવા કેન્દ્ર ફરજ પરના**

**કર્મચારીની સહી/ નામ/ સિક્કો/ તારીખ**

**પરિશિષ્ટઃ– ૨/૧૮**
**સ્થળ સ્થિતિ  અંગેનું પંચનામું**

| અ.નં | નામ | ઉ.વ | ધંધો | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |

આથી અમો પંચો આજરોજ તલાટી–કમ મંત્રીશ્રી ....................................... ના પુછવાથી જણાવીએ છીએ કે,
મોજે ................. તાલુકો .................. ના સર્વે નંબર..................ની ચો.મી. વાળી જમીન સ્થળે ખુલ્લી છે. તથા તેમાં કોઈ પણ પ્રકારનું બાંધકામ છે/નથી. તથા હાલમાં જમીનમાં ખેતી થાય છે.
પ્રશ્નવાળી જમીનની ચતુઃસીમા નીચે મુજબ છે.

પૂર્વે :–

પશ્ચિમે :–

ઉત્તરે :–

દક્ષિણે :–

(બ)– પ્રશ્નવાળી જમીનમાંથી ઓ.એન.જી.સી.ની પાઈપલાઈન, રેલ્વેલાઈન , વીજળીલાઈન કે જાહેર રસ્તો આવેલ નથી/આવેલ છે.
(ખ)– પ્રશ્નવાળી જમીનની નજીકમાં કોઈ સ્મશાન/તળાવ/વનવિસ્તાર, કે રક્ષિત સ્મારક આવેલ નથી/ આવેલ છે. જે પ્રશ્નવાળી જમીનથી .............................અંતરે આવેલ છે.

ઉપરોકત પંચનામું આમારા લખાવ્યા મુજબનું છે. જે વાંચી સમજીને આ નીચે સહી કરેલ છે.

સ્થળ : ૧. ...........................
તારીખ : ૨.............................

રૂબરૂ

...............................................
તલાટી કમ મંત્રી સહી/ નામ/ સિક્કો

ઉપરોકત પંચનામા મુજબની હકીકતોની મેં જાતે રૂબરૂમાં તપાસ કરેલ છે અને તે બરાબર માલુમ પડેલ છે.

...............................................
સર્કલ ઓફિસરની સહી /નામ/ સિક્કો

## પરિશિષ્ટ :–૩/૧૮
## ખરીદનાર સંસ્થા/ઈસમોનો રૂબરૂ જવાબ

આથી અમો નીચે સહી કરનાર શ્રી.......................................................
સરનામું.....................................................................................
................. આથી રૂબરૂ હાજર થઈ લખાવીએ છીએ કે,

અમોએ મોજે ગામ.................. તાલુકો...................... જીલ્લો .............
ના સ.નં./બ્લોક નં...............................ની ક્ષેત્રફળ.............................ચો.મી.
ની જમીન, માલિકશ્રી............... ................................................
પાસેથી તારીખ...............ના રોજ પ્રમાણિક ઔદ્યોગિક હેતુ સારૂં રજીસ્ટર દસ્તાવેજથી વેચાણ રાખેલ છે. આ જમીનમાં ગ.ધા.ક. ૬૩/બબ મુજબનું પ્રમાણપત્ર મેળવવા માટે મે. કલેકટરશ્રીને તારીખ......................ના રોજ નિયત નમુનામાં અરજી આપેલ છે.

આ જમીન પ્રતિબંધિત સત્તા પ્રકારની–નવી શરતની છે/નથી. જેથી આ અંગે સરકારશ્રી તરફથી જે કંઈ પ્રિમીયમ ભરવાનું થશે તે ભરપાઈ કરવા અમો સંમત છીએ. તો અમોને ગ.ધા.ક ૬૩/બબ મુજબનું પ્રમાણપત્ર આપવા વિનંતી છે.

ઉપરની વિગતો વાંચી સમજીને અમોએ સહી કરેલ છે. જે અમોને બંધનકર્તા રહેશે.

સ્થળ :
તારીખ :

....................................
ખરીદનાર સંસ્થા/ઈસમોની સહી

રૂબરૂ
તલાટી કમ મંત્રી
.............................ગ્રામ પંચાયત